## જન્મદિને વધામણી


મંગળદાસ એમ પારેખ
મો. ૯૭૨૭૨ ૪૪૧૪૫


પ્રભાબેન શિવકુમાર વર્મા
ફોન : ૨૩૨૨૮૮૭૬


રઈબેન ગોવિંદજી ઠાકોર
ફોન : ૨૩૨૨૮૮૭૬


યજ્ઞવલ્ક રાજેશકુમાર ઠાકોર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક



ભારત સરકારના યુવા અને ખેલ મંત્રાલય તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ઈન્ડિયા દ્વારા સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ભારતના ઉપક્રમે ગાંધીનગરમાં મંગળવારથી આયોજિત દિવ્યાંગો માટેની નૅશનલ ગેમ્સ રોચક તબક્કામાં પહોંચી છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ઈન્ડિયા, સૅક્ટર-૧૫, પંડિત દિનદયાલ પૅટ્રોલિયમ યુનિવર્સિટી, રાયસણ, ગુજરાત લૉ યુનિવર્સિટી, રાયસણ અને ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે ઍથ્લેટીક્સ, બોસી, ફૂટબૉલ, ટેબલ ટૅનિસ, બૅડમિન્ટન અને સ્વીમિંગ જેવી રમતોમાં દેશભરમાંથી આવેલા ખેલાડીઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ૧૯ રાજ્યોના ચારેય કૅટેગરી (માનસિક ક્ષતિગ્રસ્ત, અંધજન, શ્રવણ મંદ ક્ષતિવાળા અને શારીરિક ક્ષતિગ્રસ્ત)ના ૬૨૪ દિવ્યાંગ ખેલાડીઓ, ૧૨૬ કોચીસ અને ૧૦૦ ઑફિશિયલ્સ તથા ૧૦૦ વૉલન્ટીયર્સ ભાગ લઈ રહ્યા છે. આ ગેમ્સના ઉદ્ઘાટન સમારોહમાં સ્પેશિયલ ઑલિમ્પિક્સ ભારતના પૅટ્રન અને ઍલિસબ્રિજ વિસ્તારના ધારાસભ્ય રાકેશ શાહ, શંકુઝ વૉટર પાર્કના ડિરેક્ટર શંકરભાઈ ચૌધરી, અખિલ આંજણા કેળવણી મંડળના પૂર્વ પ્રમુખ મણીભાઈ ચૌધરી, પીડીપીયુના રજિસ્ટ્રાર તરુણ શાહ, સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાતના સૅક્રેટરી ડી ડી કાપડિયા, રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનના એઍસપીડી ઍમ ઍમ જાની અને ક્રિકેટર મોહનીશ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. ભારત સરકારના ખેલ અને યુવા મંત્રાલય દ્વારા સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ભારતની નોડલ એજન્સી તરીકે પસંદગી કરવામાં આવી છે, જેના આધારે સ્પેશિયલ ઑલિમ્પિક્સ દ્વારા પ્રતિવર્ષ જિલ્લા સ્તરે, રાજ્ય સ્તરે અને રાષ્ટ્ર સ્તરે રમતોત્સવનું આયોજન કરે છે. આ રમતોનો મુખ્ય ધ્યેય દિવ્યાંગ વ્યક્તિઓને વર્ષ દરમિયાન રમતોની તાલીમ આપી જુદી-જુદી હરિફાઈઓ માટે તૈયાર કરવાનો છે, જેનાથી રમતવીરોને તેમની શારીરિક ક્ષમતા વધારવાની તકો પણ મળે છે અને તેઓ પોતાની હિંમતનું પ્રદર્શન કરવા સાથે આનંદ પણ પ્રાપ્ત કરી શકે છે. વળી આ માધ્યમથી તેમને સમાજ સાથે એકરૂપ થવાની તક પણ પ્રાપ્ત થાય છે. શનિવારે આ નૅશનલ ગેમ્સ સંપન્ન થઈ રહી છે, જેણે અનેક સુવર્ણ યાદો ને યાદગાર તસવીરો ગાંધીનગરને અર્પણ કરી છે.

# ૧૧મીએ ધો.-૧૨ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન શિબિર

## મૅડિકલ, ઍન્જીનીયરિંગ, સાયન્સ, કૉમર્સ, આટ્ર્સ, લૉ, વિદેશ અભ્યાસ, આઈટી જેવા વિવિધ વિષયોનું માર્ગદર્શન અપાશે

ગાંધીનગર, તા. ૯

કૅપિટલ ક્રિએટીવ કલબ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૨ અને ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં કલબના પ્રમુખ મુકેશ કે પટેલે જણાવ્યું છે કે તા. ૧૧ જૂન ને રવિવારના રોજ સવારે ૯થી ૧૨ દરમિયાન બ્રહ્માણી હૉલ, ફાર્મસી કૉલેજ કૅમ્પસ, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે આ માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ સંસ્થા દ્વારા આ પ્રકારની માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. ઍમ ઍન પટેલ, સિન્ડીકેટ સભ્ય ડૉ. હિમાંશુ પટેલ, સૅનેટ સભ્ય ડૉ. મનિષ દોશી, ઍસ વી કૉલેજના જગદીશ ઍસ ચૌધરી, ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સૅનેટ મૅમ્બર ડૉ. કિરીટ પટેલ, શાહ સી કે મ્યુનિ. કૉમર્સ કૉલેજ, કલોલના પ્રિન્સિપાલ શંકરસિંહ રાણા, કોસમોસ મૅનપાવર પ્રા.લિ.ના ચૅરમૅન ચૅરમૅન સમીર ત્રિવેદી અને ડૉ. પિયુષભાઈ દવે ઉપસ્થિત રહેશે.

શિબિર અંતર્ગત મૅડિકલ, ઍન્જીનીયરિંગ, સાયન્સ, કૉમર્સ, આટ્ર્સ, લૉ, વિદેશ અભ્યાસ, આઈટી, સ્પર્ધાત્મક પરીક્ષા, ઍનિમેશન, આઈટીઆઈ, બાયો ટૅકનોલૉજી, જૉબ પ્લેસમૅન્ટ અને ડિફેન્સ અંગે માર્ગદર્શન આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# ‘સૅટરડે નાઈટ્સ’ દ્વારા પ્રેક્ષકોનું સન્માન



પ્લગ-ઈન્સ ઍન્ટરટૅઈનમૅન્ટ્સના બૅનર તળે ગાંધીનગર સ્વર્ણિમ પાર્કમાં દર શનિવારે રાત્રે ‘સૅટરડે નાઈટ્સ’ શિર્ષક હેઠળ ફ્રી ઍન્ટરટૅઈમૅન્ટ શો પ્રસ્તુત કરતા યુવાનોના ગૃપ દ્વારા આ શોના ૫૧મા ઍપિસોડ દરમિયાન પ્રેક્ષકોનું સન્માન કરીને એક નવો જ ચીલો ચાતરવામાં આવ્યો હતો. ૫૦મા શોની ઉજવણી ટાણે આયોજકો દ્વારા એવી જાહેરાત કરવામાં આવી હતી કે નગરમાં યોજાતો આ શો માત્ર કલાકારોને કારણે નહીં પરંતુ પ્રેક્ષકોને કારણે પણ સફળતાને વર્યો છે ને એ કારણે શરૂઆતથી આ શો જેમણે નિયમિતપણે માણ્યો છે ને શો માટે સક્રિય રહીને જેમણે કૉમેન્ટ્સ પણ આપી છે એવા બે પ્રેક્ષકોનું સન્માન ૫૧મા ઍપિસોડ ટાણે કરવામાં આવશે. આ જાહેરાતના અનુસંધાને બે પ્રેક્ષક - મૌલિક ચાવડા અને દર્શના વાઘેલાનું સન્માન ‘સૅટરડે નાઈટ્સ’ દરમિયાન કરવામાં આવ્યું હતું. કુંતલ નિમાવત લિખિત અને ગાંધીનગર કલ્ચરલ ફોરમ પ્રકાશિત પુસ્તક ‘ગાંધીકથા’ અનુક્રમે કુંતલ નિમાવત અને પ્રતિક્ષા નિમાવતના હસ્તે બંનેને ભેટમાં આપવામાં આવ્યું હતું અને કાર્યક્રમ અંગે તેમનો પ્રતિસાદ પણ લેવામાં આવ્યો હતો. વ્યવસાયે આર્કીટેક્ટ એવા મૌલિક ચાવડાએ સૅટરડે નાઈટ્સને ઉત્સાહ અને નવા વિષયોનો ભંડાર ગણાવ્યો હતો અને કૉમ્પ્યુટર ઍન્જિનીયરિંગ સ્ટુડન્ટ દર્શના વાઘેલાએ સૅટરડે નાઈટ્સને મનોરંજનનું કેન્દ્ર ગણાવ્યું હતું. આમ ‘સૅટરડે નાઈટ્સ’ એ ગાંધીનગરના ઈતિહાસમાં પ્રથમ એવા જાહેર અને નિઃશુલ્ક શો બની ગયો છે, જેણે એક જ સ્થળે, એક જ ટીમ સાથે અલગ-અલગ થીમ પર ૫૧ અઠવાડિયાં પૂર્ણ કર્યાં છે અને પોતાના નિયમિત પ્રેક્ષકોને સન્માનિત પણ કર્યા છે. પ્રેક્ષકોના સન્માનની ઔપચારિકતા પછી પોતાના નિયત ક્રમ મુજબ સૅટરડે નાઈટ્સના આ ૫૧મા ઍપિસોડમાં યુવા કલાકારો દ્વારા અભિનય, ગીત અને ડાન્સની સુંદર મહેફિલ જમાવવામાં આવી હતી, જેનો લાભ ઉપસ્થિત પ્રેક્ષકોએ મન મૂકીને લીધો હતો. પ્રેક્ષકો પણ આ મહેફિલમાં પરફોર્મર તરીકે જોડાતાં કાર્યક્રમ વધુ રંગીન બની ગયો હતો.



ગાંધીનગર, તા. ૯

ગુજરાત સરકાર દ્વારા ૨૦૧૧થી સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીને રાજ્ય સ્તરની એફિલિએશન આપતી રમતગમત ક્ષેત્રે વિશેષ યુનિવર્સિટી તરીકે જાહેર કરી હતી. યુનિવર્સિટીના ૭મા સ્થાપના દિવસની ઉજવણી કરવા વિવિધ કાર્યક્રમોનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા યાત્રાધામ વિકાસના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી યુનિવર્સિટીની કામગીરી નિહાળવા માટે યુનિવર્સિટી ખાતે પધાર્યા હતા. યુનિવર્સિટી દ્વારા તેમને તમામ વિગતોથી વાકેફ કરવામાં આવ્યા હતા. તેઓ ખૂબ જ ટૂંકા ગાળામાં યુનિવર્સિટીનો વિકાસ જોઈને પ્રભાવિત થયા હતા અને તેમણે યુનિવર્સિટીના તમામ કર્મચારીઓને એ માટે અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. જતીન સોનીએ આ પ્રસંગે વિઝન ડૉક્યુમૅન્ટ પ્રસ્તુત કર્યું હતું અને યુનિવર્સિટીની બેસ્ટ પ્રૅક્ટિસથી મંત્રીને માહિતગાર કર્યા હતા.

## સાબરમતી આશ્રમનો શતાબ્દી મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીજીની કર્મભૂમિ એવા સાબરમતી આશ્રમની સ્થાપનાને ૧૭મી, જૂને, ૧૦૦ વર્ષ પૂરા થાય છે ત્યારે તેની ભવ્ય ઉજવણી કરવાનો સરકારે નિર્ણય કર્યો છે અને તેના અનુસંધાને સરકારે પ્રવાસન મંત્રી ગણપતભાઈ વસાવાના અધ્યક્ષ પદે ૧૨ સભ્યોને સમાવતી રાજ્ય સ્તરની સમિતિની રચના કરી છે. આ સમિતિને ઉજવણીના કાર્યક્રમો ઘડવા ઉપરાંત તેના અમલીકરણની પણ જવાબદારી સોંપવામાં આવી છે.

સરકાર આ સમિતિમાં રાજ્યના મુખ્ય સચિવ જે.એન.સિંઘ, અમદાવાદના મેયર ગૌતમ શાહ, જિલ્લા કલેકટર અને સાબરમતી ટ્રસ્ટના પ્રતિનિધિ ઉપરાંત અન્ય મહત્વના અધિકારીઓ-સચિવો સામેલ છે. પ્રવાસન કમિશનરને સભ્ય સચિવ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. સાબરમતી આશ્રમની ઉજવણી અંગેની કાર્યક્રમોની રુપરેખા નક્કી કરવા ઉપરાંતના તમામ નીતિ વિષયક નિર્ણયો પણ આ સમિતિ દ્વારા જ લેવાશે અને તેના અમલીકરણ માટે સરકારે, અમલીકરણ સમિતિની પણ રચના કરી છે અને તેમાં પ્રવાસન નિગમના એમ.ડી., યુવક સેવા સાંસ્કૃતિક બાબતોને કમિશનર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ સચિવ, અમદાવાદ મ્યુનિના ડેપ્યુટી કમિશ્નર અને જિલ્લાના ડેપ્યુટી કલેકટરને સામેલ કર્યા છે.

## ડાયરેક્ટ ❤ સે

સદાય
એમના ઋણી રહેવું
જે તમારા માટે
પોતાનોય સમય નથી જોતાં

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
રાબતા
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ધ મમી (૩ડી, હિન્દી)
૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૩૦
ધ મમી (૩ડી, અંગ્રેજી)
૩.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
બાહુબલિ-૨
૩.૪૫
હિન્દી મીડિયમ
૭.૦૦
કરસનદાસ પે ઍન્ડ યુઝ
(ગુજરાતી)
૧૨.૪૫, ૯.૩૦

**સ્ક્રીન-૫**
રાબતા
સવારે ૧૦.૦૦
બહેન હોગી તેરી
૧.૦૦, ૪.૦૦
૭.૧૫, ૧૦.૧૫

# સરકાર બૅન્કોને કાતિલ શસ્ત્ર તરીકે ના વાપરે




ખબર નથી કે આવતીકાલનો ઉગતો સૂરજ શું લઈને આવશે પણ માણસમાત્ર રોજ ઉમદા ખ્વાબ અને આશાવાદમાં જીવતો રહે છે. પ્રવર્તમાન સરકાર સત્તામાં આવ્યા બાદ પ્રજામાં આશાનું એક કિરણ સર્જાયું કે હવે દેશમાં વાસ્તવિક રીતે સુશાસન, પ્રગતિ અને વિકાસ ઊભાં થશે. માત્ર અપેક્ષાઓ અને સ્વપ્નોના આધારે જીવતા લોકોને સંવેદનાઓનો ધક્કો બહુ જ વધુ લાગતો હોય છે અને તેઓ ઝડપથી ભાંગી પડતા હોય છે. નોટબંધીની જાહેરાતથી લોકોને કષ્ટ પડ્યું જ છતાં હસતા રહ્યા કેમ કે અંદરથી એક દૃઢ ઈચ્છા હતી કે હવે ભ્રષ્ટાચારથી કમાયેલા લોકો ઉપર તવાઈ આવશે અને બેનંબરીઓનો કચ્ચરઘાણ નીકળી જશે. નોટબંધી આવી, પરેશાની થઈ અને સમય જતો રહ્યો પરંતુ હજી સુધી સરકારને આ સમુદ્રમંથનથી નક્કર શું પ્રાપ્ત થયું તે બહુ જાણવા મળતું નથી. કરદાતાની સંખ્યામાં વૃધ્ધિ થઈ એ તો સમજી શકાય છે પણ નોટબંધીની આટલી જબરી કવાયત બાદ રાષ્ટ્રને કયો લાભ થયો ? તે અંગે સર્વત્ર મૌન છે. લાભ જે હોય તે પણ નોટબંધી બાદ આર્થિક મોરચે નવી નવી વાતો અને મોનિટરિંગ શરૂ થયું જેનો ઉદ્દેશ ડિજીટલ ઈન્ડિયાના ખ્યાલ સાથે જોડાયેલો છે. મૂળ વાત ભ્રષ્ટાચાર નાબૂદ કરવાની અને સુશાસનની હતી, તે ક્યાં ગઈ ? કહેવાતા શ્રીમંતો નોટબંધીથી કાંઈ રોડ ઉપર નથી આવી ગયા. બીજું, નોટબંધી બાદ સરકાર બૅન્કોનો ઉપયોગ ઘાતક હથિયાર તરીકે કરવા લાગી છે, જેમાં બૅન્કોને પણ રસ પડે છે કારણ કે ડિપોઝીટો વધી ગઈ, કમાણી વધી નથી. કારણ કે બૅડ લોન્સ ઘટતી નથી, એટલે હવે બૅન્કોએ મનફાવે તેવા વિવિધ ચાર્જીસ લેવાનું શરૂ કરી દીધું છે. એટીઍમ સુવિધા મૂળ તો ગ્રાહક સેવાનો જ હિસ્સો હોવા છતાં તેમાં મર્યાદિત વ્યવહાર ઉપર જ છૂટ, પછી ચાર્જ લેવાના. પ્રજાને આ હરગીઝ મંજૂર નથી ને આ ન્યાય પણ નથી.

બચત ખાતામાં લઘુત્તમ બૅલેન્સ પાંચ હજાર રાખવું અન્યથા દંડનીય રકમ લેવાશે તેવા મૅસેજ બૅન્ક તરફથી મળે છે અને ઍસબીઆઈએ તો ૧લી જૂન, ૨૦૧૭થી તેનો અમલ શરૂ પણ કરી દીધો છે. આ દેશની બૅન્કોને કોઈ પૂછવાવાળું છે કે નહીં ? લઘુત્તમ બૅલેન્સ પ્રજાની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને નક્કી કરાવું જોઈએ, નહીં કે કમાણી કરવાના હેતુથી. આ અંગે રિઝર્વ બૅન્ક પણ શા માટે હસ્તક્ષેપ કરતી નથી એ પણ એક સવાલ છે. અન્ય ચાર્જીસમાં પણ ઘણો વધારે બૅન્કોએ કર્યો છે. તેનું કારણ એ જ છે કે હવે બૅન્કોની કમાણીની ક્ષમતા ઘટી રહી છે અને જનતા ઉપર તેનો બોજો નાખવાનો છે. બૅડ લોન્સ ઘટતી નથી તો કાનૂનનો ઉપયોગ ક્યારે થશે ? સક્ષમતા પ્રાપ્ત કસૂરવાર લોકો પણ મોજ કરતા રહે તો આ સ્થિતિ બૅન્કોને ડૂબાડશે. આર્થિક મદદ બૅન્કોને સરકાર કરે છે પણ બૅડ લોન્સના તેના સ્થાને યથાવત પડી છે, તેનો ઉપાય શોધવો જ પડે તેમ છે. દર્દ મટાડવા માત્ર ઘેનની દવાથી ચાલે તેમ નથી. બૅન્કોનાં ખાતાંમાં પાન નંબર પછી આધાર કાર્ડ જોડાયાં, હવે શાસક નાણાંમંત્રી શું કરવા ચાહે છે તે જણાવે તો પ્રજાને કંઈક શાંતિ મળે.

જે પ્રજા માંડ માંડ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે તેને જીડીપીના દર સાથે કંઈ લેવાદેવા નથી, તેવી પ્રજા આ દેશમાં સિત્તેર ટકાથી વધુ છે. તેની પાસે ભ્રષ્ટાચાર કરવાની શક્તિ કે સમય પણ નથી. આવા લોકો બેન્કના નવા નિયમોથી ભારે પરેશાન છે અને આવી પ્રજાનાં કદાચ લોનનાં નાણાં બાકી હોય તો ત્યાં બૅન્કો જોહુકમી કરવામાં જરાય પાછી પાની કરતી નથી.

નોટબંધી બાદ રાષ્ટ્રની આર્થિક હાલત પ્રતિદિન વિકૃત થઈ રહી છે. આ સ્થિતિમાં જીઍસટી આવતાં મોંઘવારી શરૂ-શરૂમાં વધશે, જેનો ભોગ પ્રજા અને ગરીબોને ચોક્કસ થશે. મોંઘવારી વધી રહી છે, ઉત્પાદન ક્ષેત્રે નબળા પડ્યા છીએ, તેમાંથી બહાર નીકળવું પડશે.

બૅન્કોની આર્થિક સ્થિતિ કઈ રીતે સુધારી શકાય તે દિશામાં કદમ ભરવાની જગ્યાએ બૅન્કો જ પ્રજાને લૂંટી લે તો વાંધો નહીં એ પ્રકારનું વલણ વ્યાજબી નથી. વિદેશોમાં બૅડલૉન્સનું સ્તર પાંચ ટકાથી જો વધે તો સત્વરે કાર્યવાહી શરૂ થઈ જાય છે ત્યારે આપણા દેશમાં બધા પોતપોતાની ગણતરીથી ચાલતા રહે છે. બધા પ્રશ્નને રાજકીય સ્વરૂપ આપવાની ગંદી રમતથી પ્રજા અને દેશ દુખી કરી રહ્યા કરે છે. બૅન્કોને મન ગ્રાહક હવે ભગવાન રહ્યો નથી કેમ કે એવું જ હોય તો આ રીતે બૅન્કો મનમાનીથી કાર્ય કરે જ નહીં. યાદ રાખો કે ગ્રાહક છે તો દુનિયા છે, તેને જીવંત રાખવો એ બધાં માટે પ્રથમ શરત છે. બૅન્કોને કાતિલ શસ્ત્ર નહીં બતાવતાં અને નીતિગત પ્રજાકિય હિત થાય તેવા આયોજનની તાતી જરૂરિયાત છે.

**શેર આસ્વાદ**

દિલના અસહ્ય દર્દનો
બીજો વિકલ્પ ક્યાં ?
પાડી શક્યો ના ચીસ
તો મૂંગો બની ગયો.
(રતિલાલ ‘અનિલ’)



## વાચકોને આમંત્રણ

### ‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**‘મારું પ્રિય પુસ્તક’**